# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હું કરૂં ને જે કરું એ બધું વિકાસ આણે!
કેબીનેટના ગાડાં નીચે શ્વાસ ભાર તાણે!
માણે વિદેશયાત્રાઓ અને ફૂંકે બણગા -
સરભર કરે એ ખર્ચ, અદાણીના ભાણે..

## હાઈકુ

ઢંકાઇ ગયા!
વિકાસ પુરૂષના
પડછાયા માં...
(કેબીનેટ પ્રધાનોની હાલત)

આવી બહાર
વિકાસની ફિકાસ -
પચાસ ટકા..
(જનસમૂહનું તારણ)

## ચિંતન

**મુકુટે રોપિતઃ કાચશ્ચરણા ભરણે મણિઃ । નહિ દોષો મણેરસ્તિ કિંતુ સાધોર વિજ્ઞતા ॥**

'માથાના મુકુટમાં જડવાનો મણિની જગ્યાએ કાચનો ટૂકડો અને મણિને નૂપુરમાં પગનાં ઝાંઝરમાં જડવામાં આવે - એમાં કંઇ મણિનો નથી પણ જડનારની અજ્ઞાનતાનો જ દોષ છે.'

આજકાલ 'અંધેરી નગરીને ગંડુ રાજા'ના જમાનામાં લાગવગ-દબાણોને કારણે લાયક અને સાચા ઇમાનદાર માણસો બાજૂમાં ફેંકાઇ જાય છે અને ખોટા માણસોની સારી 'મલાઇ'વાળી પોસ્ટ પર નિમણૂંકો મળતી હોય છે.

સાચા-બાહોશ અધિકારીની કદર ન થવી એમાં અધિકારીનો દોષ નથી પણ આવા અન્યાય કરનારની સંકુચિત અને સ્વાર્થી દૃષ્ટિનો દોષ છે.

અહીં આભૂષણના દૃષ્ટાંત દ્વારા આ સત્ય સમજાવવાનો પ્રયાસ છે. કાચના ટૂકડાને 'માથે ચઢાવવા' અને 'મણિ' જેવા 'અમૂલ્ય' રત્નને પગના ઝાંઝરમાં મઢવું એ સાચા મૂલ્યની કદર ન કરી શકનાર અજ્ઞાનીનો દોષ છે.

આમાં 'મણિ'નો દોષ નહીં પણ આવો અન્યાય કરનારનો દોષ છે. યોગ્ય અધિકારીની લાયકાત પ્રમાણે કદર થવી જોઇએ. એને મહત્ત્વ મળવું જોઇએ.

## સુવિચાર

- જેઓ મરીને જીવ્યા તેમનું જીવન ધન્ય - **જીવનસૂત્ર**
- એક તપેલીમાં કંઇ દરિયો ન ભરાય તેમ માત્ર બુદ્ધિ થકી બ્રહ્મની પહેચાન ન થાય - **જનકલ્યાણ**
- મોતના કિનારે ઊભો હોય છતાં જે માણસ ઇશ્વરના નામે, ઇશ્વરને ન ભૂલે તેનો જ મોક્ષ સંભવે - **અમૃતબિંદુ**
- સિદ્ધિનો ઉપયોગ માનવીને દુઃખી કરવા માટે જયારે થાય છે ત્યારે, સિદ્ધિ અને સાધક બેવનો સર્વનાશ થાય છે - **ફાધર વાલેસ**
- ઇર્ષા, મૂર્ખતા, ક્રોધ, કઠોરતા, ધર્મભ્રષ્ટતા આ સર્વ દુઃખના દરવાજા ખોલી આપનારા દુર્ગુણો છે - **પૂજ્ય મોટા**
- પયગંબર એટલે ઇશ્વરી સંદેશ લાવનાર..
  પયગામ = એટલે સંદેશ.. બર = એટલે લાવનાર - **અખંડ આનંદ**
- ભક્તિની ગંગાને વિવેકના કિનારાની જરુર છે.. વિવેક થકી જ અંધશ્રદ્ધાનો અંધકાર દૂર થાય - **પાડુરંગ આઠવલે**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ઘણીવાર શિષ્ય જે ગુરુ પાસે કોઇ પણ જાતની, સંગીત, ચિત્ર કે કોઇ પણ તાલીમ મેળવે પછી થોડો વધારે અનુભવ - નામ થઇ જાય એટલે એને એવું અભિમાન થાય છે કે હવે હું મારા ગુરુ કરતાં પણ ચઢિયાતો થઇ ગયો છું.

જાપાનના સૂન નામના બાણાવળીને થયું હવે હું મારા કરતાં ચઢિયાતો થઇ ગયો છું. જાહેરમાં પણ કાર્યક્રમમાં બોલવા લાગ્યો.

ગુરુ સિત્તેર વર્ષ વટાવી ચૂક્યા હતા. એકવાર શિષ્ય ગુરુને મળવા આવ્યો. ગુરુએ કહ્યું, ચાલ ભાઇ પેલી ટેકરી પર કાલી માતાનું મંદિર છે ત્યાં દર્શનાર્થે જઇએ. રસ્તામાં ઉંડી ખીણ આવી. એના પર એક તદ્દન સાંકળું પાટિયું હતું. ચાલવાથી એ લાકડું પણ ઝૂલે - ખીણ એટલી ઊંડી હતી કે જો કોઇ પડે તો હાડકાં પણ ન મળે.

ગુરુ-શિષ્ય એના પર ચાલતા હતા અર્ધે પહોંચ્યા ત્યાં ગુરુએ પેલાનાં તીર-કામઠાં માગ્યાં અને સામે વૃક્ષ પર દેખાતું ફળ વીંધી નાખ્યું. પછી શિષ્યને કહ્યું, હવે તારો વારો..

શિષ્ય પાટિયાં પર ઊભા રહેતા જ ગભરાતો હતો. ત્યાં બાણ ચલાવી વિંધવાનું તો કેમ થાય?

ધ્રૂજતાં-ગભરાતાં કહ્યું, ગુરુજી મારો હાથ પકડી લો અને મને સામે પાર લઇ જાવ. હું નિશાન નહીં લઇ શકું! મને મારા અભિમાન માટે ક્ષમા આપો.. ગુરુજીએ સ્મિત સાથે ક્ષમા આપી. પાર લઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# અકબર ધ ગ્રેટની સાથે મહારાણા પ્રતાપ ધ ગ્રેટ

## અતીતથી આજ

- ડૉ. હરિ દેસાઇ

**મુઘલ સામ્રાજ્યના સંસ્થાપક બાબરથી લઈને બાદશાહ અકબરના વંશજો પોતાને ભારતીય લેખાવવાને બદલે તુર્ક ગણાવવાનું પસંદ કરતા હતા**

ભારત સરકારના ગૃહમંત્રી અને ભારતીય જનતા પક્ષના પૂર્વ અધ્યક્ષ રાજનાથ સિંહે રાજસ્થાનના પ્રતાપગઢમાં મહારાણા પ્રતાપની પ્રતિમાનું લોકાર્પણ કરતાં રવિવાર ૧૭ મે ૨૦૧૫ના રોજ ભાષણ કરીને કેન્દ્ર સરકાર પ્રતાપની ૪૭૫મી જન્મજયંતીની ઉજવણી દુનિયાભરમાં કરવાની હોવાની ઘોષણા કરી. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને વાજપેયી સરકારમાં કેન્દ્રીય મંત્રી રહી ચુકેલા રાજનાથ સિંહે કહ્યું કે મુઘલ બાદશાહ અકબરને મહાન ગણવા સામે વાંધો નથી,પરંતુ મહારાણા પ્રતાપને પણ મહાન ગણવામાં વાંધો ના હોવો જોઈએ. હજુ હમણાં જ અયોધ્યામાં રામમંદિર બાંધવામાં વિલંબ બાબતે ભારત સરકારની ટીકાનો ઉત્તર વાળતાં મોદી સરકાર પાસે રાજ્યસભામાં બહુમતી નહીં હોવાની વાત કરીને વિવાદમાં આવેલા રાજનાથે હવે મહારાણા પ્રતાપના જીવનને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડનાં પાઠ્યપુસ્તકોમાં ભણાવવાનો આગ્રહ સેવ્યો. રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાએ રાજ્યની શાળાઓમાં પ્રતાપની ગૌરવગાથા ભણાવવાના કરેલા નિર્ણય બદલ તેમને અભિનંદન આપ્યાં.

રાજનાથ સિંહ વરિષ્ઠ ભાજપી નેતા છે. નવાઈ એ વાતની લાગે છે કે અકબરને મહાન ગણવામાં એમને વાંધો નથી, પરંતુ મહારાણા પ્રતાપને મહાન ગણાવવાનો એમનો આગ્રહ છે. ભારતમાં વિદ્યાર્થીઓને વિદેશી ઈતિહાસકારોએ લખેલાં પુસ્તકો ભણાવાય છે એ વાતે રાજનાથને કોણ જાણે કોણે ભ્રમિત કર્યા એ સમજાતું નથી. વાજપેયી સરકારમાં કૅબિનેટમંત્રી રહેલા રાજનાથને ખ્યાલ હોવો જોઈએ કે ભારતના પ્રત્યેક રાજ્યમાં ભારતીયોએ લખેલાં પુસ્તકો ભણાવાય છે. મહારાણા પ્રતાપની શૌર્યગાથાઓ અને હલ્દીઘાટીના અકબર વિરુદ્ધના યુદ્ધમાં પ્રતાપના વિજયનાં વખાણથી ભર્યોભાદર્યો ઈતિહાસ અત્યારે ઢળતી ઉંમરે પહોંચેલા અમારા જેવા જ્યારે શાળામાં ઈતિહાસ ભણતા હતા ત્યારે એટલે કે ચાલીસ-પચાસ વર્ષ પહેલાં પણ ભણાવાતો હતો. છેક ૧૯૨૭માં પ્રકાશિત એટલે કે બ્રિટિશ શાસન દરમિયાન પ્રકાશિત 'ઉદયપુર રાજ્ય કા ઈતિહાસ' (લેખકઃ ગૌ. હી. ઓઝા)થી લઈને ૧૯૬૭માં પ્રકાશિત 'મહારાણા પ્રતાપ' (લેખકઃ રાજેન્દ્ર શંકર ભટ્ટ) સહિતનાં પુસ્તકોમાં રાણા પ્રતાપની ગૌરવગાથા યોગ્ય ઈતિહાસને રજૂ કરીને દર્શાવાઈ છે.રાજનાથ સિંહ આવાં પુસ્તકોને બદલે બ્રિટિશ ઈતિહાસકારોએ લખેલાં ઈતિહાસવર્ણનો વાંચતા રહ્યા હોય એવું બની શકે. મેવાડના બ્રિટિશ એજન્ટ રહેલા કર્નલ ટોડલિખિત 'રાજસ્થાનના ઈતિહાસ'માં ઘણી બધી કિવદંતીઓ ઘુસાડવામાં આવ્યાનું ભારતીય ઈતિહાસકારોએ તારવ્યું છે. રાજનાથને વાંધો ભારતીય ઈતિહાસકારોમાં ડાબેરી ઈતિહાસલેખકોના કૉંગ્રેસી શાસનમાં ચાલતા રહેલા ચલણ સામે હોય એવું લાગે છે. હકીકતમાં ઈતિહાસને તથ્યાધારિત ઈતિહાસ તરીકે લખવા અને ભણાવવાનો આગ્રહ રહે એ જરૂરી છે. એને હિંદુ ઈતિહાસ, મુસ્લિમ ઈતિહાસ કે બ્રિટિશ ઈતિહાસમાં વર્ગીકૃત કરવાને બદલે સત્યાધારિત ઈતિહાસ તરીકે મૂલવવાનો આગ્રહ રખાય એ અપેક્ષિત છે.

મહારાણા પ્રતાપની ગૌરવગાથા સમગ્ર દેશ હોંશભેર વર્ણવે છે.પ્રતાપને હિંદુ રાજા ગણવો અને અકબરને મુસ્લિમ શાસક લેખાવવો એ તો ઈતિહાસ સાથે નર્યો અન્યાય કરવા સમાન લેખાય. મહારાણા પ્રતાપના નિકટના સરદારો અને સાથીઓમાં મુસ્લિમો હતા. એવી જ રીતે બાદશાહ અકબરના સેનાપતિ તો હિંદુ રાજપૂતો અને રાજસ્થાન પ્રદેશના રાજવી વંશના યુવરાજો જ રહ્યા છે એટલે અકબર વિરુદ્ધ પ્રતાપનાં યુદ્ધોને મુસ્લિમ વિરુદ્ધ હિંદુનો રંગ આપવો એ અનુચિત છે.

મહારાણા પ્રતાપને પડખે ભીલ કાયમ રહ્યા હતા એટલું જ નહીં, રાણા પ્રતાપને ક્યારેય સંપત્તિની ખોટ પડી નથી. ભામાશાએ રાણા પ્રતાપને જે ધન આપ્યું હતું એ વાસ્તવમાં પ્રતાપની માલિકીનું જ હતું, એ ભારતીય ઈતિહાસકારોએ ગાઈવગાડીને કહ્યું જ છે. જંગલમાં રાજવી પરિવારની હજાર જેટલી વ્યક્તિઓ સાથે અને પોતાની ૧૧ રાણીઓ તેમજ ૧૭ કુંવર સાથે રહેનાર મહારાણા પ્રતાપ રોજેરોજ સોના-ચાંદી અને ભોજનનાં દાન કરતા રહ્યાની નોંધ અધિકૃતપણે ભારતીય ઈતિહાસકારોએ કરેલી છે. મહારાણા રોજ ૧ રૂપિયો, ૧ તોલો સોનું અને ૧૦૮ બ્રાહ્મણોને ભોજનદાન દેતા હતા.

નરેન્દ્ર મોદીના વડપણવાળી ભારત સરકારે મહારાણા પ્રતાપની ૪૭૫મી જન્મજયંતી દુનિયાભરમાં ઉજવવાનો નિર્ણય કર્યો એ આવકાર્ય ઘટના ગણાવી શકાય, પણ ઘણે મોડે લેવાયેલો નિર્ણય ગણવો પડે. રાણા પ્રતાપ તો રાષ્ટ્રનાયક છે. એમની જન્મજયંતીની ઉજવણીમાં કૉંગ્રેસી મુખ્યમંત્રીના સમયગાળામાં જ મહારાણા પ્રતાપને ન્યાય તોળતો અને એમનું વાસ્તવવાદી ચિત્રણ રજૂ કરતો સાચો ઈતિહાસ રાજસ્થાન હિંદી ગ્રંથ અકાદમી, જયપુર દ્વારા 'મહારાણા પ્રતાપ' (પ્રા. આર.પી. વ્યાસલિખિત) વર્ષ ૨૦૦૧માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. એ વેળા કેન્દ્રમાં ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીની સરકાર હતી. ભારત સરકારની સહાયથી અને રાજ્યના કૉંગ્રેસી શિક્ષણમંત્રી ડૉ. સી.પી. જોશીના આશીર્વાદ સાથે પ્રકાશિત મહારાણા પ્રતાપનો ઈતિહાસ અનેક દૃષ્ટિએ અભ્યાસને યોગ્ય છે. એને કૉંગ્રેસી કે ભાજપી ઈતિહાસ ગણવો એ મૂર્ખતા છે.

રાજનેતાઓ અને ખાસ કરીને રાજકીય શાસકો ઐતિહાસિક ઘટનાઓ અને ઈતિહાસ પુરુષો કે સ્ત્રીઓ વિશે બેફામપણે નિવેદનો કરવા માંડે છે ત્યારે એમાંથી માત્ર રાજકીય લાભ ખાટવાના એમના બદઈરાદ છતા થયા વિના રહેતા નથી. મહારાણા પ્રતાપના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરતાં પ્રા. આર.પી. વ્યાસે નોંધ્યું છેઃ "શિવાજી જેવા વીર અને સ્વરાજના નિર્માતાએ પોતાનો સંબંધ પ્રતાપના રાજઘરાણા (સિસોદિયા રાજપૂત) સાથે જોડીને પોતાને ગૌરવાંકિત કર્યા હતા. એવું જરૂર કહેવાય છે કે છેવટે રાણા અમરસિંહે મુઘલો સાથે સંધિ કરવા વિવશ થવું પડ્યું હતું. તેમણે મુઘલોની અધીનતા સ્વીકારી હતી. જો ઈ.સ. ૧૫૭૨માં પ્રતાપે મુઘલો સાથે સમજૂતી કરી લીધી હોત તો મેવાડને વિનાશથી બચાવી શકાયું હોત ત્યાં ખૂનખરાબો થાત નહીં."

કેટલાક લેખકોના મતે પ્રતાપે હિંદુ ધર્મ અને સિસોદિયા વંશના ગૌરવની રક્ષા માટે અકબર સાથે સંઘર્ષ વહોર્યો હતો. આ રીતે તો પ્રતાપને ઈસ્લામવિરોધી ગણાવીને પ્રતાપ તથા અકબર વચ્ચેનું યુદ્ધ હિંદુ અને મુસલમાનો વચ્ચેનું ધાર્મિક યુદ્ધ ગણાવાય. પ્રતાપને આ રીતે રજૂ કરવાનું પ્રતાપને અન્યાય કરવા જેવું હોવાનું પ્રા. વ્યાસ નોંધે છે. પ્રતાપના જીવનમાં ટૂંકી દૃષ્ટિની કોમવાદી ભાવનાને કોઈ સ્થાન નહોતું. પ્રતાપનો સંઘર્ષ સિદ્ધાંતો પર આધારિત હતો. તેમને ઈસ્લામ સાથે કોઈ વેર નહોતું. હલ્દી ઘાટીના યુદ્ધમાં પ્રતાપની અડધી સેનાનું નેતૃત્વ હકીમખાં સૂરના હાથમાં હતું. સામે પક્ષે અકબરની સેનાનું નેતૃત્વ રાજા માનસિંહ કરતા હતા. તેમની સેનામાં હિંદુઓની સંખ્યા ઘણી વધુ હતી. બંને વચ્ચેનો સંઘર્ષ હિંદુ વિરૂદ્ધ મુસ્લિમ નહોતો. અકબરને પ્રતાપ વિદેશી આક્રમણખોર ગણાતા હતા અને વિદેશી આક્રમણખોરનો પ્રતિકાર કરવો એ પ્રતાપની દૃષ્ટિએ ક્ષત્રિયનો ધર્મ હોવાનું ઈતિહાસકારો નોંધે છે.

મુઘલ સામ્રાજ્યના સંસ્થાપક બાબરથી લઈને બાદશાહ અકબરના વંશજો પોતાને ભારતીય લેખાવવાને બદલે તુર્ક ગણાવવાનું પસંદ કરતા હતા. ગુજરાતના દાહોદમાં જન્મેલો ઔરંગઝેબ પણ પોતાને તુર્ક ગણાવતો હતો એટલે એના વિશાળ સામ્રાજ્ય છતાં એ પોતાને ભારતીય લેખવા તૈયાર નહોતો. ૧૮૫૭ના સ્વાતંત્ર્યના પ્રથમ સંગ્રામનું નેતૃત્વ આ જ મુઘલ વંશના છેલ્લા બાદશાહ બહાદુર શાહ ઝફરનું નેતૃત્વ નાનાસાહેબ પેશવા અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સહિતનાએ સ્વીકાર્યું હતું. પરંતુ મોટાભાગનાં હિંદુ-મુસ્લિમ રજવાડાં બ્રિટિશ શાસનને પડખે રહ્યાં અને ક્રાંતિ નિષ્ફળ ગઈ હતી. અમે કાયમ કહીએ છીએ કે ઈતિહાસની જ બાબતોમાં રમમાણ રહેવાથી તો ઘણીવાર ઈતિહાસનાં ભૂંડાં પ્રકરણોને તાજાં કરવાનું થશે. ભારતીય આઝાદીના અગ્રણી સેનાની મોહનદાસ કરમચંદ ગાંધીના દાદા પોરબંદરના દીવાન તરીકે ૧૮૫૭ના જંગમાં બ્રિટિશરોથી મુક્તિ ઝંખતા વાઘેરોના બંડને કચડવા માટે સૈનિકો લઈને ગયા હતા. મહારાણા પ્રતાપના ભાઈઓ મુઘલો સાથે ભળ્યા હતા. મહારાણા પ્રતાપ ખુદના પાટવીકુંવર અમરસિંહ મુઘલ દરબારમાં બાન તરીકે રખાયા હતા અને એમણે જ અત્યારના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગર (આનંદપુર)માં લૂંટ ચલાવી હતી.

ગૃહમંત્રી રાજનાથ સિંહ મહારાણા પ્રતાપનો પાઠ શાળાઓમાં દાખલ કરવા બદલ જેમને યશ આપે છે એ વસુંધરા રાજે જ નહીં, રાજસ્થાનના અન્ય તમામ કૉંગ્રેસી-બિનકૉંગ્રેસી મુખ્યમંત્રીઓએ મહારાણા પ્રતાપનું ગૌરવ કર્યું છે. પક્ષાપક્ષીમાં મહારાણા પ્રતાપને રંગવાની કોશિશોથી તો તમામ મહારાજાઓના ૧૮૫૭ના ભૂંડા ઈતિહાસનુંસ્મરણ તાજું કરાવાશે. ગ્વાલિયરના મહારાજા સિંધિયા સહિતના મોટાભાગના મહારાજાઓ અંગ્રેજોની કુરનિશ બજાવતા હતા.

મહારાણા પ્રતાપના વંશજોમાં મહારાણા ભુપાલસિંહે પૂર્વજોના ગૌરવનું જતન કરવા ઉપરાંત સરદાર પટેલની સાથેના અંતરંગ સંબંધોને કારણે પાકિસ્તાન સાથે હિંદુ રાજવીઓને ભેળવવાની ખતરનાક 'ભોપાલ યોજના' નિષ્ફળ કરી હોવાનું ક.મા. મુનશી 'પિલ્ગ્રિમેજ ટુ ઈન્ડિયા માં સુપેરે નોંધે છે. ભોપાલના નવાબ હમીદુલ્લા ખાનની પાકિસ્તાનના પ્રણેતા મોહમ્મદ અલી ઝીણા સાથેની દોસ્તીની આડમાં વડોદરાના મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડ, ઈન્દોરના મહારાજા હોલકર, જયપુર, જોધપુર અને અજમેરના મહારાજાઓનું પણ ઝીણા સાથે ઈલુ-ઈલુ ચાલતું હતું, ત્યારે મેવાડ નરેશ ભુપાલ સિંહે એમની સાથે જોડાવાનો નન્નો ભણ્યો હતો. આ વાત પાઠ્યપુસ્તકોમાં ભણાવાયા એ જરૂરી છે. ભાજપના નરેન્દ્ર મોદીના વડપણવાળી સરકારના ગૃહમંત્રી રાજનાથસિંહ ઈતિહાસની સચ્ચાઇને જાળવીને તટસ્થ તથા સત્યાધારિત ઈતિહાસ ભણાવવાનો આગ્રહ સેવે એ ઈચ્છનીય છે.

# માનવતાના મશાલચી - કેશુમિયાં ઘાસવાલા

મહેસાણા જિલ્લાનું કડી તાલુકાનું નાનું એવું રાજપુર ગામ એ કેશુમિયાંનું વતન. નાનું એવું ખોરડું ને એવું જ નાનું ખેતર. ખેથી ખંતથી કરે ને નેકીથી જીવે. ૧૯૬૦માં કેશુમિયાંના નિકાહ અમદાવાદમાં રાબિયા સાથે થયેલા. રાબિયા સિલાઇ તેમજ ભરતકામમાં ઉસ્તાદ. સ્વમાની પણ ખરાં સાથે હઠીલાં પણ. રાબિયાના અબ્બા ભાડાની ગાડી ફેરવે. ધંધો ઠીક ઠીક ચાલે. અહીં કેશુમિયાંનો સંસાર પણ ચાલ્યા કરે. ત્યાં કોઇની નજર લાગી ગઇ અને રાબિયા રિસાઇને પિયર અમદાવાદ ચાલી ગઇ.

આ તો સ્ત્રીહઠ! કેશુમિયાંએ ઘણાં જ પ્રયત્નો કરી જોયા રાબિયાને સમજાવીને પાછી વાળવા પણ એ એકની બે ન થઇ - રિસામણાં વચ્ચેય કેશુમિયાં એને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરે. પણ ના તે ના જ! રાબિયાની હઠ ભારે! છેવટે કેશુમિયાંએ જ રાબિયાને નરોડા-કુંભારવાડામાં નાનું એવું મકાન લઇ આપ્યું ને ત્યાં જ દુકાન પણ. ભરતકામમાં રાબિયાની તોલે કોઇ ન આવે. સ્ત્રીઓનાં ભરતકામ એવા કરે કે એનો ધંધો જામવા માંડ્યો. નામના થવા લાગી. કેશુમિયાં અંદરથી રાબિયાને ચાહે દિલથી એટલે તો એનાં રિસામણાં વચ્ચેય એ એને મળતા રહે અવાર-નવાર. કેશુમિયાંને રાબિયા તરફનું આકર્ષણ જબરું. દેહ જુદા પણ દિલ એક. કયારેક તો કેશુમિયાં રાબિયાના ઘરે જ રાત રોકાઇ જાય. આમ એમનાથી રાબિયાને બે બાળકો પણ જન્મ્યા. બંને છોકરા- અયુબ અને સિરાજ! પણ આમ લાંબો સમય ન ચાલ્યું.

હારી થાકીને કેશુમિયાંએ બીજી સ્ત્રી સાથે નિકાસ પઢી લીધા. ૧૯૬૬માં રહેમતબીબી સાથે... ને તોય દિલ તો રાબિયાને ઝંખ્યા કરતું! અવારનવાર રાબિયાને મળવાનું પણ ચાલું રહેતું. રાબિયાની આવક સારી એટલે દીકરાઓનો ઉછેર પણ સારો ચાલો. એમ બંને દીકરાઓ મોટા થવા લાગ્યા.

ત્યારે ગુજરાતનું પાટનગર ગાંધીનગર નવું નવું વિકસી રહ્યું હતું. ધંધાના વિકાસ અર્થે ૧૯૭૭માં કેશુમિયાં ગાંધીનગર આવી ગયા. શહેરની મધ્યમાં પંચદેવ મંદિરની પાછળ, પાંચ પાંચ દેવોની સાક્ષીએ ઝૂંપડું બાંધી ઘાચસારાનો ધંધો શરુ કર્યો. મૂળ નેક આદમી. પાક મુસલમાન એટલે નીતિથી ધંધો કરો. અલ્લાહથી ડરે! શું હિન્દુ કે શું મુસલમાન. માનવમાત્રથી પ્રેમ રાખે એવો ઓલિયો અલ્લાહનઓ આદમી કેશુમિયાં!

મંદિર હોય એટલે ગાયો તો હોય જ! ગાયો એટલે ઘાસ-ચારો જોઇએ? શ્રદ્ધાળુ માનવીઓની ખોટ નથી હોતી. કેશુમિયાં ગાયોને ઘાસચારો નીરે. મંદિરના પરિસરે પંખીઓને ચણ વેરે, અધર્મથી દૂર રહે. પછી તો ઘાસચારાનો ધંધો બરાબર જામ્યો : કેશુમિયાં પાંજરાપોળમાં ઘાસ પૂરું પાડવા લાગ્યા. છેક અમદાવાદ - ધાનેરા - ડીસા - રાધનપુર - બોટાદ સુધીની પાંજરાપોળોમાં કેશુમિયાંનું ઘાસ જાય. અરે, ત્યાં સુધી કે અછત અથવા દુકાળમાં પણ એ બહારથી લાવીને મૂંગા પ્રાણીઓને ઘાસ પૂરું પાડે મૂંગા પશુઓના એમ આશીર્વાદ મળે!

ઘાસનો ધંધો જામ્યો એટલે ટ્રેક્ટરોની જરુર રહે. ઘાસની હેરાફેરી માટે એમણે બે ટ્રેક્ટરો વસાવ્યાં. ગાંધીનગર હજુ વિકાસના પથ પર હતું. સાધનોની સગવડની અછત. વાહન વ્યવહાર સાવ ઓછો. કોઇને દવાખાને લઇ જવાની જરુર પડે તો મોટી મુશ્કેલી. કોઇ બિનવારસી વ્યક્તિ ગુજરી જાય તો એને અવ્વલ મંઝિરે પહોંચાડવાં શું કરવું? કેશુમિયાંનું માનવતાભર્યું દિલ દ્રવી ઊઠે. એમને માનવતાનો સાદ સંભળાયો અને એક આઇસર ગાડી ખરીદી એને શબવાહિનીમાં ફેરવી. સ્મશાને મૃતકને લઇ જવા એનો ઉપયોગ કરે કયારેક ઇમરજન્સીમાં એમ્બ્યુલન્સ તરીકે પણ કામ આવે. રાત કે દિવસ જોયા વિના કયાંકથી પણ ખબર પડે કે કોઇ ખબર આપે - કેશુમિયાં તૈયાર જ હોય. નાત-જાત, ધર્મ કે સંપ્રદાય જોયા વિના કેશુમિયાં જાતે શબવાહિની લઇને દોડી જાય મૃતકની અંતિમ વિધિ કરે. મિત્રોને સાથે લે અને ધર્મની આમન્યા જાળવી અગ્નિસંસ્કાર કે દફનવિધિ કરે જાતે ઘસાઇને સંતોષ માણે! મૃતકની પૂરેપૂરી અદલ જાળવે. સેવાભાવી આદમી તરીકેની તેમની છાપ ગાંધીનગર જ નહીં સમગ્ર ગુજરાતમાં ફેલાવા લાગી. પછી તો એમને એક મારુતિ વેન પણ ખરીદી. એને પાછળના ભાગે આખે આખી ખુલ્લી રાખીને એકલ-દોકલ લાશ કે મૃતાત્માને માટે એ વેનનો ઉપયોગ કરવા લાગ્યા!

અહીં કેશુમિયાંની સેવાકીય પ્રવૃત્તિઓ વધવા માંડી. સવારે ઊઠી પંખીઓને ચાર-પાંચ કિલો જુવાર-બાજરી-ઘઉં કે કણકી ચોકમાં વેરી લે ને પછી પોતે ચા પીએ મૂળ ખાનદાન કુળનો કુરેશી મુસલમાન. ગાયને મફ્ત ઘાસ નીરે કયારેક તો શહેરની સિવિલ હોસ્પિટલમાંથી ખબર આવે. એક બિનવારસી લાશને અવ્વલ મંઝિલે પહોંચાડવી છે, આવી જાવ, કેશુમિયાં તૈયાર જ હોય. બધું પડતું મેલીન પંદરનું પેટ્રોલ કે ડિઝલ ભરાવીને દવાખાનેથી દૂર દૂરના ગામે જવું પડે. એ કયારેક કોઇની પાસે પેટ્રોલ કે ડિઝલનો ખર્ચ પણ ન માગે. આપે એનુંય ભલું, ના આપે એનું પણ...! એ કહે : એ કહે : અલ્લાએ મને આપ્યું છે એન આ કામ સોંપ્યું છે તે હું કરું છું. એમનો યુવાન પુત્ર સિકંદર પણ 'બાપ કરતાં બેટો સવાયો'ની જેમ. પત્ની પણ પૂરતો સહકાર આપે. ઘસાઇને ઊજળા થવાની વાત એમને સૌ સ્વેચ્છાએ સ્વીકારી લીધેલી!

અહીં રાબિયા બીબીનાં બંને સંતાનો અયુબ અને સિરાઝ પણ ઉંમરલાયક થઇ ગયા હતા. એ પણ ભાડાની ગાડી ફેરવે ને એમાંય એમને ફાવટ આવી ગઇ હતી. કેશુમિયાં જેવા જ દેખાવડા અને રાબિયા જેવા જ કાર્યકુશળ! બંને છોકરાઓ માટે ઠેરઠેરથી શાદીની માંગણી આવે. પણ દીકરીના સગાં એટલું જ જાળવા માગે કે એમના બાપ કોણ? કયારેક તો રાબિયાને મહેણાંટોણાં પણ સાંભળવા પડે. આમ જ બબ્બે દાયકા વીતી ગયા. હારી થાકીને રાબિયાએ છોકરાઓને કહ્યું જાવ, તમારા અબ્બા ગાંધીનગર રહે છે અને ઘાસનો ધંધો કરે છે.

અયુબ અને સિરાઝ અબ્બાજાનને શોધવા ગાંધીનગર આવી પહોંચ્યા ને કેશુમિયાંને ભેટી રડી પડ્યા. કેશુમિયાંની આંખો પણ ભીની થઇ ઊઠી. કેશુમિયાએ કહ્યું : જાવ, રાબિયાને કહેજો કે શાદી માટે છોકરી પક્ષનાઓને સોમવારે બોલાવે. હું આવીશ અને કહીશ કે અયુબ અને સિરાઝનો બાપ હું જ છું પછી તો બંને દીકરાઓની શાદી પણ થઇ ગઇ!

સાબરમતીમાં પછી તો ઘણા પાણી વહી ગયાં. કહેવત છે કે 'ડાંગે માર્યા પાણી જુદાં ન પડે.' પણ ધર્મનું ઝનૂન અને ઘેલછા માણસને અવળે રસ્તે દોરે છે. અધર્મની આગ ભભૂકી ઊઠી હતી. અમદાવાદનો પૂર્વ વિસ્તાર ભડ ભડ બળતો હતો માનવતા કોરે મુકાઇ ગઇ હતી. ધર્મનું ઝઝૂન અને અફીણનો નશો એક સરખો! મારો... કાપો, સળગાવી દો સાલાઓને. બહુ ફાટી ગયા છે એ લોકો. ટોળાંનો બુલંદ અવાજ ઠેરઠેરથી સંભળાતો હતો. ટોળાને કયાં સિદ્ધાંત કે મર્યાદ હોય છે? હોળીમાં જેમ નારિયેળ વધેરાય એમ માણસો હોમાતાં હતા. એક ચોક્કસ ધર્મના લોકોને નિશાન બનાવી બાળકોથી માંડીને નિર્દોષ સ્ત્રીઓ, યુવાનો કે વૃદ્ધો એ ભીષણ દાવાનળમાં ખડકાતાં જતા હતા.

ઇશ્વર કે અલ્લાહ એક જ છે એવી ડાહી ડાહી વાત સાવ જ વીસરાઇ ગઇ હતી. નગર આખું ભડભડ બળતું હતું. આ આગ હવે તો શહેરોમાંથી ગામડાં સુધી ફેલાવા માંડી હતી. ધર્મનું ઝનૂન શું નથી કરતું? સૌ ભાગદોડ કરી રહ્યાં હતા. કોઇ કોઇને બચાવી શકે એમ ન હતું. સૌને પોતાની જાત બચાવવાની પડી હતી.

(ક્રમશઃ)

-ભાનુપ્રસાદ પુરાણી

સૌજન્ય : 'આખંડ આનંદ' મે-૨૦૧૫

## પૂણ્ય પરવાર્યું નથી...

આદરણીય શ્રી ભાનુપ્રસાદ પુરાણી
ગાંધીનગર,
નમસ્કાર,

અખંડ-આનંદ - મે, ૨૦૧૫ ના અંકમાં આપે વર્ણવેલ ચરિત્રલેખ વાંચ્યો. ખુબ આનંદ થયો. હજુ આવા માનવતાના મશાલચી હયાત છે. તમોએ પ્રકાશ પાડ્યો તે પણ ધન્યવાદને પાત્ર છો.

પુરો લેખ વાંચ્યા પછી ગાયોને ઘાસ માટે રૂા. ૧૦,૦૦૦/- આપવાની મારી ઇચ્છા થઇ છે. હું આપનો જો સંમતી આપો અને વ્યવસ્થા ગોઠવવાની તૈયારી બતાવો તો આપને ત્યાં રકમ મોકલાવી આપું. રૂબરૂ આવી શકાય તેવી મારી તંદુરસ્તી નથી પણ જો આપ સંમતી દર્શાવો તો વ્યવસ્થા ગોઠવી દઉં. આપને ઘેર જ પહોંચાડી દઇશ. વ્યવસ્થા તમો કરજો.

આપ પણ આવા પૂણ્યના કામો પ્રત્યે આંગળી ચીંધો છો તે પણ આપની પ્રતિષ્ઠા છે.

મારો પત્રનો જવાબ આપશો.

લી. મનહરભાઈ શાહ
મો.૯૯૨૫૨૨૮૦૫૩

મારું સરનામું :
૨૨/બી, સંસ્કાર ભારતી સોસાયટી,
નારણપુરા, અમદાવાદ

# ઉનાળામાં મોગરો

બળબળતા ઉનાળાના ત્રણ આશ્વાસન છે. ગુલમહોર, ગરમાળો એન મોગરો. ગુલમહોર નવોઢાની ચુંદડી જેવો રાતોચટાક, ગરમાળો સોહાગણ સુંદરીના આભૂષણો જેવો સુવર્ણરંગી જયારે મોગરો છેલછબીલો જવાનીયાના સાફાના છોગા જેવો ધવલ અને ઉજજવલ શ્વેતરંગી. ગુલમહોર અને ગરમાળા વિષે ઘણું ઘણું લખાયું છે પણ એના પુષ્પોની મહેંક બાબતો કશું કહેવાયું હોય તેવું લાગતું નથી. જયારે સુગંધની વાત જયારે પણ ચર્ચાય, મોગરાના ફૂલ અંગે કોઈ પણ વ્યક્તિની કહ્યા વગર - ખરેખર તો વખાણ્યા વગર રહેવાય જ નહીં. ગુલમહોર અને ગરમાળાના ફૂલ તમારી આંખોને આનંદ આનંદ કરાવે પણ તમારી ઘ્રાણેન્દ્રિયને એની કશી અસર થાય છે. જયારે અંધારીત રાતે, ઠેબુ ના લાગે એનું ધ્યાન રાખતાં તમે નીચું ઘાલીને ચાલ્યા જતા હોવ અને વાડના કોઈ ખૂણે ચમકતા શ્વેત મોગરાના ફૂલ તરફ તમારી નજર પણ ના ગઈ હોય ત્યાં એની મહેંક તમારું ધ્યાન ખેંચ્યા વગર રહે નહીં. સુગંધથી શ્વાસ તરબતર થતાં જ તમારી આંખો તુરત મોગરાને ખોળવા માંડે. રાતે ખીલતાં ફૂલ શ્વેતરંગી એન મઘમઘતા હોય છે એવું ભૂતકાળમાં વિજ્ઞાનમાં ભણેલા એ યાદ આવે કે ના આવે, પણ આ વાત તો વરસોથી જાણીયે જ છીએ એવો ભાદ પેદા થઈ જાય છે.

દક્ષિણ ભારતની મહિલાઓ માથામાં મોગરાની વેણી ગુંથવાની ભારે શોખીન. આપણે અહીં તો બ્યુટી પાર્લરવાળા બહુ બહુ તો લગ્નમાં આવી વેણી શોભાવે. વીસ-પચ્ચીસ વરસ પહેલાં ઘણી મહિલાઓને કેવળ બેસતાં વરસે માથામાં વેણી શોભાવવાનો શોખ જાગતો. હવે બનાવટનો યુગમાં ઘણાં મમરાની વેણી બાંધે છે, પણ એમાં મોગરાની કળીઓની મહેંક, કુમાશ અને ચમક કયાંથી આવે? મોગરાના ફૂલની તો વાત જ અનેરી!

પ્રિયતમની પ્રતિક્ષામાં ઊભેલી નારીને ઉનાળાની લૂ વાતા જ અંગ દઝાય છે તે સાથે પોતાના જેટલા જ કોમળ મોગરાના ફૂલો વિલાય જવાની એના હૃદયમાં ચિંતા જાગે છે. આવા સુકોમળ નારી હૃદય વિશે કવિ શિરોમણી ઉમાશંકર જોષીએ એક અદ્ભૂત કાવ્ય રચ્યું છે, એને મનભરીને માણો, કદાચ ઉનાળાનો તાપ વિસરાઈ જશે.

## લૂ, જરી તું -

લૂ, જરી તું ધીરે ધીરે વા,
કે મારો મોગરો વિલાય !
કોલિલા, તું ધીમે ધીમે ગા,
કે મારો જીયરો દુબાય !
પાંખો થંભાવી ઊભું સ્થિર આભમાંથી,
સૃષ્ટિ મધ્યાહન કેરા ઘેનમાં છે જંપી,
એકલી અહીં હું રહી પ્રિયતમને ઝંખી,
લૂ, જરી તું -
ધખતો શો ધોમ, ધીરે ધરણીની કાયા :
ઊભી છું ઓઢીને પ્રિયતમની છાયા,
પરિમલ ઉડે, ન ફૂલ હૈયે સમાયા.
લૂ, જરી તું -
કોલિકા,તું ધીમે ધીમે ગા,
કે મારો જીયરો દુભાય;
લૂ, જરી તું ધીરે ધીરે વા,
કે મારો મોગરો વિલાય.

**- ઉમાશંકર જોષી**